# વિરપ્પનના સાથીઓને ફાંસી

નવી દિલ્હી, તા. ૧૭

સુપ્રિમ કોર્ટદ્વારા વીરપ્પનના ચાર સાથીઓએ તેમને થયેલી ફાંસીના અનુસંધાનમાં કરેલી દયાની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. તેનાથી હવે ફાંસી આપવાનું નિશ્ચિત થઈ ગયું છે. ફાંસી આપવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. ગત શનિવારે ડોકટરોએ ચારે ગુનેગારોના વજન અને બીપીની તપાસ કરી હતી. આ ચારેય ગુનેગાર કેદીઓને બીજા કેદીઓથી અલગ રાખવામાં આવ્યા છે.

સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર આ કેદીઓએ સ્નાન કર્યા બાદ મીઠાઈ ખાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેલ મેન્યુઅલ અનુસાર ફાંસીની સજા થયેલ હોઈ તેવા ગુનેગારોને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવે છે. આ ચારેય કેદીઓને કર્ણાટકના બેલગામમાં આવેલી જેલમાં રાખવામાં આવેલ છે. આ અગાઉ તેમની દયાની અરજી રાષ્ટ્રપતિએ રદ કરી દીધી હતી. ત્યાર બાદ ફાંસીની સજા મેળવેલા આ ચારેય ગુનેગારોએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. મળતી માહિતી અનુસાર આ ચારેય ગુનેગારોને ફાંસી આપવાની મંજૂરી આપી દેવાઈ છે. ચીફ જસ્ટીસ અલ્તમસ કબીરના કાર્યાલયમાંથી મળતી માહિતી અનુસાર ચીફ જસ્ટીસ સમક્ષ આ કેસ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ તેમણે તેની પર સુનાવણી કરવાનો સ્પષ્ટપણે ઈનકાર કરી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ કેસ અંગે કોઈ નક્કર પુરાવા ન હોવાને કારણે દોષિતોને મળેલી ફાંસીની સજા યથાવત રાખવી જોઈએ. તેથી આ કેસ નિયમાનુસાર જ ચાલવા દેવો જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૩માં કર્ણાટકના પલાડમાં બારુદી સુરંગ દ્વારા કરાયેલા વિસ્ફોટના મામલામાં વીરપ્પનના મોટાભાઈ જ્ઞાનપ્રકાશ સીમોન મીસેકર મદૈયા અને બિલાવેન્દ્રને ૨૦૦૪માં ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. સુરંગ દ્વારા કરાયેલા આ વિસ્ફોટમાં ૨૨ પોલીસ કર્મચારીઓના મૃત્યુ નિપજ્યા હતા.



રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ૧૩મી ફેબ્રુઆરીએ તેમની દયાની અરજી નામંજૂર કરી દીધી હતી. ૨૦૦૧માં મૈસુરની એક ટાડા અદાલતે તેમને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે સજા વધારીને ફાંસીમાં પરિવર્તિત કરી દીધી હતી.આ ટોળકીના ડોન ચંદન ચોર વીરપ્પન ઓક્ટોબર, ૨૦૦૪માં તામિલનાડુ પોલીસ સાથે થયેલી અથડામણમાં માર્યો ગયો હતો.

આ અગાઉ રાષ્ટ્રપતિએ સંસદ પર કરાયેલા હુમલાના આરોપી અફઝલ ગુરુની દયાની અરજી પણ રદ કરી દીધી હતી. એટલું જ નહીં પાંચ દિવસમાં જ તેને દિલ્હીની તિહાડ જેલમાં ફાંસી આપી દેવામાં આવી હતી. વીરપ્પનના સાથીઓનો મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ જનાર વરિષ્ઠ વકીલ કોલિન ગોનસાલ્વેસે જણાવ્યું હતું કે, મુખ્ય ન્યાયાધીશે કોઈપણ જાતના પુરાવા નહીં હોવાને કારણે આ મામલે સુનાવણી કરી નહોતી એટલે ફાંસીની સજા યથાવત રહી હતી.

અલ્તમસ કબીરે તેમને જણાવ્યું હતું કે, આ કેસમાં નક્કી કરાયેલી પ્રક્રિયા અનુસાર કાર્યવાહી કરાશે. જો કે ગોન્સાલ્વેસે અને તેમના સહયોગી વકીલ સમીક નારાયણે એવી આશા વ્યક્ત કરી હતી કે ફાંસીની સજા પામેલા ચારેય ગુનેગારોને કદાચ ફાંસીની સજામાંથી રાહત મળે પરંતુ તેની શક્યતા નહીંવત જ છે.

## ચુંટણી પંચ લાલઘુમ : ૨૧૭૧ ઉમેદવાર ગેરલાયક જાહેર થયા

નવી દિલ્હી,તા. ૧૭

ચુંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે યોજવા તથા ચુંટણીમાં મની પાવરના ઉપયોગને કાબુમાં લેવાના હેતુસર ચુંટણી પંચે સંસદીય અને વિધાનસભાની ચુંટણી દરમિયાન કરવામાં આવેલા ખર્ચની વિગત ન આપવા બદલ ૨૧૭૧ ઉમેદવારોને ગેરલાયક જાહેર કરી દીધા છે. ચુંટણી પંચે લાલ આંખ કરીને આ આક્રમક પગલાં લીધા છે. રિટર્ન નહીં ભરવા બદલ આકરા પગલા લેવામાં આવ્યા છે. આ તમામ ઉમેદવારો હવે પંચ દ્વારા ગેરલાયક જાહેર કરવાની તારીખથી લઈને આગામી ત્રણ વર્ષ સુધી કોઈપણ ચુંટણી લડી શકશે નહીં. જાન્યુઆરી ૨૦૧૬ સુધી ચુંટણી મેદાનમાં ઉતરી શકશે નહીં. ચુંટણીના સંચાલનમાં નાણાંકીય પારદર્શકતા લાવવા અને મની પાવરના ઉપયોગને રોકવાના હેતુસર આ પગલા લેવામાં આવ્યા છે. ચુંટણી સુધારા પ્રક્રિયાના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે રાજ્યોના ઉમેદવારોને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા છે તેમાં મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ સંખ્યામાં ઉમેદવારોને ગેરલાયક ઠેરાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાંથી ૨૬૦ ઉમેદવારોને ગેરલાયક જાહેર કરાયા છે. જ્યારે છત્તીસગઢમાંથી ૨૫૯, હરિયાણામાંથી ૧૯૭, ઓરિસ્સામાંથી ૧૮૮, મધ્યપ્રદેશમાંથી ૧૭૯, ઉત્તર પ્રદેશમાંથી ૧૫૯, ઝારખંડમાંથી ૧૧૮ અને તમિલનાડુમાંથી ૯૭ ઉમેદવારને ગેરલાયક જાહેર કરાયા છે. સંસદીય મત વિસ્તારની વાત કરવામાં આવે તો ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ ૧૫૮ ઉમેદવારોને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે છત્તીસગઢમાં ૨૪૦ને ગેરલાયક જાહેર કરાયા છે. લોકપ્રતિનીધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૮-એની સાથે વાંચતા ૧૧(એ) અને ૧૦(એ) હેઠળ તમામ ઉમેદવારોને ગેરલાયક ઠેરાવવામાં આવ્યા છે. ચુંટણી પરિણામો જાહેર થવાની તારીખથી લઈને ૩૦ દિવસના નિર્ધારિત ગાળાની અંદર ચુંટણી ખર્ચની વિગત નહીં આપવા બદલ તેમની સામે પગલાં લેવાયા છે. કમિશને આવા પ્રતિબંધ મુકવામાં આવેલા ઉમેદવારોની વિસ્તૃત યાદી મુખ્ય ચુંટણી અધિકારિઓને મોકલી દીધી છે. આ નામો સંબંધિત રિટર્નીંગ ઓફિસર સમક્ષ મોકલવામાં આવશે. અગાઉ ચુંટણી પંચે સપ્ટેમ્બર ૨૦૦૯માં ૩૨૭૫ ઉમેદવારોને ગેરલાયક જાહેર કર્યા હતાં.

## કોંગ્રેસમાં પ્રવર્તતી જૂથબંધી સામે રાહુલ ગાંધીની નારાજગી

**નેતાઓ કામ કરતા નથી, કામ કરે તેને આગળ આવવા દેતા નથી**

નવી દિલ્હી, તા. ૧૭

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હારને લગભગ ૧૧ માસનો સમય વીતી ગયા બાદ છેવટે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાની હૈયાવરાળ બહાર ઠાલવીને ઉત્તર પ્રદેશના કહેવાતા મોટા નેતાઓ સામે અરીસો ધરી દીધો છે. અને ઉત્તર પ્રદેશ કોંગ્રેસનું જૂથબંધીનું વરવું ચિત્ર સામે લાવીને જણાવ્યું છે કે ઉત્તર પ્રદેશ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદના દાવેદાર ૨૦૦ ઉમેદવારો મુખ્યમંત્રીપદના સ્વપ્નોમાં રાચે છે. એટલું જ નહીં આમાના કોઈ તો સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ કે અમેરિકાના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પણ છે.



તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલી રાજ્યોના કોંગ્રેસ પ્રમુખોની બેઠકમાં રાજીવ ગાંધીએ યુ પી વિધાનસભામાં સજજડ હાર બાદ કડક વલણ અખત્યાર કરીને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જે લોકો આગળ પાછળ આંટા મારે છે તેઓ કામ કરતા નથી અને જે લોકો કામ કરે છે તેમને પણ આગળ આવવા દેતા નથી. પ્રદેશ કોંગ્રેસના નેતા ભલે તેને મજાકમાં ખપાવે છે પરંતુ તેમના હૃદયના ધબકાકા વધી ગયા છે. તેમણે યુપી કોંગ્રેસને સ્પષ્ટ શબ્દોમાં સંદેશો આપી દીધો છે કે અહીં કામ કરવાવાળા કાર્યકરો ઓછા અને નેતાઓ વધુ છે.

પ્રદેશ પ્રમુખ નિર્મલ ખત્રીએ જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં નેતાઓની સંખ્યા વધુ છે તે વાત સાચી છે જ્યારે વિધાનસભા વિરોધ પક્ષના નેતા પ્રદિપ માથુરે એવું અર્થઘટન કર્યું કે રાહુલ ગાંધીએ આ મજાકના સ્વરૂપે કહ્યું હતું.

અલબત્ત સુત્રોએ એ નોંધ્યું છે કે રાહુલ ગાંધીએ આ મજાકના સ્વરુપે નથી પણ ગંભીરપણે જણાવી મોટા નેતાઓને એવો નિર્દેશ આપ્યો છે કે ગંભીર બનો નહીં તો ખેર નથી.

## વડાપ્રધાન જાહેર કરવાનો સમય પાકી ગયો છે : અજીત જોગી

નવી દિલ્હી, તા. ૧૭

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના સિનિયર નેતા અજીત જોગીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે એ જાહેર કરવાનો સમય પાકી ગયો છે કે વિધાનસભાની ચૂંટણી પહેલાં જ જે તે રાજ્યના નેતાનું નામ જાહેર થાય. ચૂંટણી પહેલાં નેતાનું નામ જાહેર નહીં કરવાની જુની પ્રણાલી હવે છોડી દેવી જોઈએ. તેમણે તો દેશના વડાપ્રધાન પદ માટે કોંગ્રેસના ઉમેદવાર જાહેર પરિવહનમાં શું હશે તેવું પણ જાહેર કરવું જોઈએ તેવો મારો અંગત અભિપ્રાય છે.

એક મુલાકાતમાં જોગીએ જણાવ્યુંહતુંકે, એક રાષ્ટ્રીય પક્ષ હોવાને કારણે દરેક રાજ્યોમાં સમતુલન જાળવવા સિવાય કોંગ્રેસ સફલ નહીં બની શકે. તેમણે કહ્યું કે નેતા જાહેર કરવાનો નિર્ણય દરેક રાજ્યોમાં પરિસ્થિતિનો તાગ કાઢીને કરવો જોઈએ.

તેમનું એવું પણ કહેવું હતું કે, લોકસભાની ચૂંટણીને ૧૫ માસ બાકી છે ત્યારે કોંગ્રેસે વડાપ્રધાનપદનો ઉમેદવાર જાહેર કરવો જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં મોટા ભાગના લોકોને એમ લાગે છે કે હવે નહેરુ પરિવારમાંથી વડા પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવા જોઈએ.

## આગામી ૨૦૧૪ની ચૂંટણીમાં બાબા રામદેવ પણ ઝંપવાલશે

રોહતક, તા. ૧૭

બાબા રામદેવે ફરી એકવાર રાજકીય અખાડામાં ઝંપલાવવાનું નક્કી કરી દીધું છે. રામદેવ આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉમેદવાર ઉતારવાની તૈયારીમાં વ્યસ્ત બની ગયા છે. રામદેવ સંગઠન 'ભારત સ્વામિભાન પાર્ટી'ના બેનર હેઠળ પોતાના ઉમેદવાર ઉતારશે. સોનીપતના મુરલાના ગામમાં એક ગૌશાળાના કાર્યક્રમ દરમિયાન રામદેવે જણાવ્યું હતું કે, યોગ્ય સમયે તે યોગ્ય ઉમેદવારોના નામની જાહેરાત કરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ બાબા રામદેવે વિધાનસભાની ચૂંટણીમાં પોતાના પક્ષના ઉમેદવાર ઉતારવાની વાત જણાવી હતી. પરંતુ પાછળથી તેમણે પોતાના આ નિવેદન અંગે મૌન ધારણ કરી લીધું હતું.

તેમણે પોતાના સમર્થકોને જણાવ્યું છે કે તે ચૂંટણી પ્રચાર માટે તૈયાર થઈ જાય. અને લોકોને સારા ઉમેદવારોને વોટ આપવા માટે પ્રેરિત કરે. આગામી લોકસભાની ચૂંટણીમાં ૩૦૦થી વધુ યોગ્ય અને કર્મઠ સાંસદો પસંદ કરીને મોકલવાની જરૂર છે. આજના સમયની એ માંગ છે કે આપણા જનપ્રતિનિધિ સમાજ, રાષ્ટ્ર અને લોકોનું વ્યવસ્થિત રીતે સેવા કરે.

આ પ્રસંગે બાબા રામદેવે અન્ય બે સુત્રો પણ આપ્યા હતા. તેમનું પ્રચલિત સૂત્ર હતું 'સ્વદેશી લાવો, દેશ બચાવો' અને બીજું 'ગૌ બચાવો દેશ બચાવો'. બાબા રામદેવે જણાવ્યું હતું કે, દેશમાં લગભગ ૧૦ લાખ લોકો વિદેશી જંતુનાશક અને ખાદ્યપદાર્થોને કારણે કેન્સરનો ભોગ બની ગયા છે. તેઓ પોતાના ઈલાજ માટે વિદેશની દવાઓ પાછળ જ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.

પરંતુ તેમ છતાં પરિણામ શૂન્ય જ રહ્યું છે અને ભારતમાં કેટલાય લોકો કેન્સરની દવા કરતા હોવા છતાં મૃત્યુ પામે છે. કારણ કે આ બીમારી ઘણી લાંબી ચાલે છે. અને એ દરમિયાન દવાઓ વ્યવસ્થિત લેવા છતાં દર્દી શારીરિક અને માનસિક રીતે ખતમ થઈ જાય છે. તો ગરીબ વર્ગના લોકો જો કેન્સરનો ભોગ બને તો તે સંજોગોમાં તેમની સારવારની સ્થિતિ કેવી હોઈ શકે તેની તો કલ્પના કરવી જ રહી.

યોગગુરુ રામદેવે જણાવ્યું હતું કે, હેલિકોપ્ટર કૌભાંડની નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે તો તેમાં સંડોવાયેલા લોકોના નામ જાહેર કરવામાં આવે તે અત્યંત મહત્વનું અને જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, હેલિકોપ્ટરના મામલે રાહુલ ગાંધીના નિકટવર્તી ગણાતા કનિષ્કસિંહની હેલિકોપ્ટર સોદામાં શું ભૂમિકા છે તેની પણ ન્યાયીક તપાસ થવી જોઈએ.

## કેપ્ટન ધોનીને આ વખતે બેચલર ડિગ્રી નહી મળે

રાંચી, તા.૧૭

ભારતીય ટીમને વિશ્વકપ અપાવનાર કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને આ વર્ષે પણ સ્નાતક ડીગ્રી મળી શકશે નહીં.

ધોનીએ વર્ષ ૨૦૦૮માં સેંટ ઝેવિયર કોલેજમાં વોકેશનલ કોર્સ ઓફિસ મેનેજમેન્ટ એન્ડ સેક્રેટેરિયલ પ્રેક્ટીસ (ઓએમએસપી)ના અભ્યાસક્રમ માટે દાખલ થયો હતો. ધોનીએ જો નક્કી કરેલા સમય પર પરીક્ષાઓ પાસ કરી લીધી હોત તો તેને વર્ષ ૨૦૧૧માં જ સ્નાતક ડિગ્રી મળી હોત, જ્યારે હવે ૧૮ ફેબ્રુઆરીએ થનારા દીક્ષાંત સમારોહમાં તેને ડીગ્રી મળશે નહીં. સેન્ટ ઝેવિયર્સ કોલેજના પરીક્ષા નિયંત્રણ કરનાર એકે સિંહાએ કહ્યું હતું કે, ધોનીનું સત્ર ૨૦૧૩માં જ સમાપ્ત થઈ રહ્યું છે. જો જુન ૨૦૧૩માં તે ફરી રજીસ્ટ્રેશન કરાવે તો તેનીપાસે ૨૦૧૬ સુધીમાં સ્નાતકની પરીક્ષા પાસ કરવાની તક રહેશે. ભારતની ટીમ સાથે તેમની વ્યવસ્થાના કારણે તેમને ક્લાસ ભરવામાં રાહત આપવામાં આવી હતી. કોલેજ એકેડેમિક કાઉન્સિલને તેને સંપૂર્ણ સત્રનો લાભ આપતા પાંચ વર્ષમાં બધા પેપર પૂર્ણ કરવાની સુવિધા આપી હતી. એટલું જ નહીં તેને રાંચીની બહાર મુંબઈ સેંટ ઝેવિયર્સ કોલેજમાં પણ પરીક્ષા આપવાની સુવિધા મળી હતી. પહેલા સેમિસ્ટરમાં તેમણે નિયત સમયમાં પરિક્ષા પાસ કરી હતી. જ્યારે અન્ય સેમિસ્ટરના અસાઈમેન્ટ જમા કરાવી શક્યા નથી.



## કાશ્મીર ખીણમાં જુદા-જુદા ભાગોમાં વરસાદ હિમવર્ષાના લીધે જનજીવન અસ્થવ્યસ્થ

શ્રીનગર, તા. ૧૭

કાશ્મીર ખીણમાં જુદા-જુદા ભાગોમાં વરસાદ તથા કેટલાક ભાગોમાં હિમવર્ષાના લીધે જનજીવન અસ્થવ્યસ્થ થઈ ગયું છે. તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. હિમાચલ અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં પણ ફરી એકવાર તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યાં છે. આજે ખીણના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. બીજીબાજુ વિશ્વ પ્રસિદ્ધ સ્કી રીસોર્ટ ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૧.૨ ડિગ્રી થઈ ગયું છે. ચારે બાજુ બરફની ચાદર જોવા મળી રહી છે. ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાનમાં ૪ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. અહીં તાપમાન ગઈ કાલે માઈનસ ૭ ડીગ્રીની સરખામણીમાં માઈનસ ૧૧.૨ ડીગ્રી નોંધાયું છે. આવી જ રીતે દક્ષિણ કાશ્મીરમાં પહેલગામ ખાતે માઈનસ ૦.૫ ડીગ્રી તાપમાન રહ્યું હતું જે ગઈકાલે માઈનસ ૧.૪ ડીગ્રી નોંધાયું હતું. શ્રીનગરમાં ૨.૯ ડીગ્રી તાપમાન થયું છે. જે ગઈકાલની સરખામણીમાં થોડુંક ઓછું છે. ગેટવે શહેર કાજીગુંદમાં લઘુત્તમ તાપમાન ૧.૨ ડીગ્રી અને કોકરનાગમાં માઈનસ ૦.૧ ડીગ્રી તાપમાન રહ્યું છે. કાજીગુંદ અને કોકરનાગમાં ભારે હિમવર્ષા અને વરસાદ થયો છે. ઉત્તર કાશ્મીરમાં કુકવાડા ખાતે એક ડિગ્રી તાપમાન થયું છે. આવીજ રીતે લદાકના સૌથી ઠંડા પ્રદેશ લેહ અને કારગીલમાં માઈનસ ૪.૮ અને ૮.૪ ડીગ્રી નોંધાયું છે. આ બન્ને શહેરોમાં લઘુત્તમ તાપમાન ગઈકાલે મોડી રાત્રે ક્રમશઃ માઈનસ ૬.૨ અને માઈનસ ૧૦.૨ ડીગ્રી નોંધાયું હતું.

દરમિયાન સમગ્ર ઉત્તર ભારતમાં કાતીલ ઠંડીનું મોજું જોવા મળી રહ્યું છે. કારણકે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઘણા ભાગોમાં વરસાદ થયો છે. ઉત્તરાખંડ અને હિમાચલખંડમાં ભારે હિમવર્ષા થઈ છે. હિમવર્ષાને કારણે પુંચમાં વાહન વ્યવહારને બંધ રાખવાની ફરજ પડી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, હિમાચલના આદિવાસી પટ્ટામાં વધુ હિમવર્ષા થઈ શકે છે. સાથે-સાથે વરસાદી ઝાપટા પણ પડી શકે છે. હવામાન વિભાગનું કહેવુંછે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઘણી જગ્યાઓએ વરસાદ પડ્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સ્થિતી સામાન્ય બની રહી છે. પરંતુ લઘુત્તમ તાપમાનમાં આજે ઘટાડો નોંધાયો હતો. ઠંડીના ગાળામાં વધારો થવાના કારણે દેશના ઘણાં ભાગોમાં સ્વાઈનફલુએ હાલમાં સકંજો જમાવ્યો છે.

## નવા પોપની ચૂંટણી માટે ૧૫મી માર્ચે ધર્મસભા યોજાશે

રોમ, તા. ૧૭

પોપ બેનડિક્ટ ૧૬માંએ રાજીનામું આપવાની જાહેરાત કર્યા બાદ તેમના ઉત્તરાધિકારીની પસંદગી માટે ચૂંટણી કરાવવા ધર્મસભા ૧૫મી માર્ચ અથવા તે પહેલા પણ યોજવામાં આવશે. વૈટિકન સીટીએ આ પ્રકારની જાહેરાત કરી હતી.

ન્યુઝ એજન્સી આરઆઈએ નોવોસ્તીના જણાવ્યા અનુસાર રોમન કેથોલીક ચર્ચના ૧૧૭ કાર્ડિનલ (પ્રમુખ)ની ધર્મસભા આગામી ૧૫મી માર્ચથી ૧૮મી માર્ચ વચ્ચે થાય તેવી શક્યતા છે. પોપ બેન્ડિકટ ૨૮મી ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ જશે ચર્ચના નિયમો અનુસાર પોપનું સ્થાન ખાલી પડવાના કારણે ૧૫થી ૨૦ દિવસમાં ધર્મસભાનું આયોજન થાય છે. પોપ બેનડિક્ટ ૨૦૦૫ માં પોતાના અગાઉના જોન પોલ દ્વિતીયના મૃત્યુ બાદ ૨૬૫માં પોપ બન્યા હતા.

## સમાચાર ઝલક

- સુપ્રીમ કોર્ટના આદેશ બાદ દેશમાં યુનીનોર મોબાઇલ સર્વિસ કેટલીક જગ્યાએ બંધ.
- પાકિસ્તાનમાં ક્વેટા શહેરમાં બોમ્બ વિસ્ફોટથી ૬૫નાં મોત.
- હૈદરાબાદમાં અન્ના હજારેની ભ્રષ્ટાચાર નાબૂદી રેલી ચોજાઇ.
- આસામમાં એક શાળામાં ઝેરી પ્રસાદ ખાતાં ૩૦૦ વિદ્યાર્થીઓને અસર.
- ચાલુ વર્ષમાં વિકાસ દર ૫.૫૦% ટકા રહેવાની શક્યતા.
- કુંભ મેળામાં વરસાદથી સાધુ-સંતો યાત્રાળુઓની મુશ્કેલી.
- નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણીમાં ૧ કરોડ રૂપિયા ઉમેદવાર પાસેથી જપ્ત કરાયા.
- લિબિયામાં ગદ્દાફીથી મુક્ત થયે ૨ વર્ષ પૂર્ણ થયા.
- ભારતીય ટીમ વનડેમાં રેકર્ડમાં પ્રથમ નંબરે રહી.
- ગુજરાત રીયલ એસ્ટેટમાં ભારે મંદી, સિમેન્ટમાં ભાવ તૂટ્યા.
- વરસાદી માહોલથી દેશભરમાં સ્વાઇન ફ્લૂનો જોખમ વધ્યું છે.
- અમદાવાદમાં અંધ વ્યક્તિઓની કાર રેલી યોજાશે, ૧૪૫ વ્યક્તિઓ ભાગ લેશે.
- બાપુનગર પોલીસ સ્ટેશનના વહીવટદાર પોલીસ કોન્સ્ટેબલની આત્મહત્યા.
- ગુજરાતમાં પ્રથમ વખત ગાંધીનગરના અંબોડ ખાતે અશ્વદોડ સ્પર્ધા યોજાઇ.
- રાજયમાં કમોસમી વરસાદ પછી ઠંડી શીત લહેરથી ઠંડીમાં વધારો.
- મોડાસાને તલોદમાં યુવતીઓનાં અપહરણ બાદ બળાત્કારની ફરિયાદો નોંધાઇ.
- ઇટાલીમાં ભૂકંપના હળવા આંચકા.
- બિહારમાં શાળાઓમાં સૂર્ય નમસ્કારનો આદેશ પાછો ખેંચાયો.

## જહોન મદ્રાસ કાફેની રજૂઆત માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૭

વિકી ડોનર ફિલ્મમાં શાનદાર સફળતા મેળવ્યા બાદ અભિનેતામાંથી નિર્માતા બનેલા જહોન અબ્રાહમ હવે તેની નવી ફિલ્મ મદ્રાસ કાફેની રજૂઆત માટે તૈયાર છે. આ ફિલ્મ રાજકીય થ્રીલર ફિલ્મ છે. શુબજીત દ્વારા ફિલ્મનુ નિર્દેશન કરવામાં આવ્યું છે. આ ફિલ્મ આ વર્ષે ૩૦મી ઓગષ્ટના દિવસે રજૂ કરવાની તૈયારી જહોને કરી લીધી છે. જહોન અબ્રાહમ ઉપરાંત આ ફિલ્મમાં નરગીસ અને નવા અભિનેતા રશી ખન્નામી મુખ્ય ભૂમિકા છે. રાઈઝિંગ સન ફિલ્મસ અને જેએ એન્ટરટેઈનમેન્ટ દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મ તૈયાર કરવામાં આવી રહી છે. જહોને ટ્વીટર પર માહિતી આપતા કહ્યું છે વિકી ડોનર બાદ આ ફિલ્મ તેની મહત્વકાંક્ષી ફિલ્મ છે. આ ફિલ્મમાં નરગીસ પત્રકારની ભૂમિકામાં નજરે પડનાર છે.

## બજેટ પહેલા શેરબજાર ફરી મજબુત બને તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૧૭

૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટ પહેલા શેરબજારમાં તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે કારોબારીઓ હાલ સાવધાનીપૂર્વકનુ વલણ અપનાવવા તૈયાર છે. બજેટમાં લેવામાં આવનાર પગલા પહેલા હવે કોઈ મોટા સાહસ કરવા કારોબારીઓ ઈચ્છુક નથી. જાણકાર નિષ્ણાંત અને કારોબારીઓએ કહ્યું છે કે વર્ષ ૨૦૧૩-૧૪ રજૂ કરવામાં આવે તે પહેલા કારોબારીઓની નજર હવે કેન્દ્રિત થઈ ગઈ છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે આ સપ્તાહમાં માર્કેટ તેની વર્તમાન રેંજમાં રહે તેવી શક્યતા છે. કારણ કે ત્રિમાસિક કમાણીની સિજન હવે પૂર્ણ થઈ ચુકી છે. આદિત્ય ટ્રેડિંગ સોલ્યુશનના સ્થાપક વિકાસ જૈને કહ્યું છે કે હવે સામાન્ય લોકો બજેટમાં કયા પગલા લેવામાં આવે ચે તેના પર નજર રાખી રહ્યા છે. કોઈ પણ તીવ્ર તેજીના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી કારણ કે ગયા સપ્તાહમાં ડબલ્યુપીઆઈના આંકડા નબળા રહ્યા છે.

સંસદનુ બજેટ સત્ર ગુરૂવારથી શરૂ થનાર છે. જેમાં અનેક મુદ્દાઓ છવાઈ જાય તેવી શકયતા છે. બજેટ સત્રાની શરૂઆત થાય તે પહેલા ટેકનિકલ નબળાઈ બજારમાં જોવા મળી સકે છે. બોનાન્ઝા પોર્ટફોલિયોના વરિષ્ઠ ઉપપ્રમુખ રાકેશ ગોયલે કહ્યું છે કે વૈશ્વિક પરિબળો પણ કામ કરી શકે છે. આગામી સેશનમાં એનએસઈ નિફ્ટી માટે ૫૮૨૫ની સપાટી ઉપયોગી છે. ઈન્ડેકસ વેચવાલીના કારણે આનાથી નીચે પહોંચી શકે છે.

અમે બજારમાં એવી આશા છે કે નાણાંપ્રધાન ચિદમ્બરમ આસાસ્પદ બજેટ રજૂ કરશે. હાલ સુધારાની પ્રક્રિયા ચાલી રહી છે. વિકાસને વેગ આપવા કેટલીક નવી પહેલ બજેટમાં થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સમાં આ મહિનામાં હજુ સુધી ૧.૬ ટકાનો ઘટાડો થયો છે. હાલમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૩માં સૌથી નીચી સપાટીએ બજાર છે.

## રાષ્ટ્રપતિએ બીસીસીઆઈના અધ્યક્ષ પદના હોદ્દાનો અસ્વીકાર કર્યો હતો

નવી દિલ્હી, તા. ૧૭

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે, આઠમા દસકમાં એટલે કે ૧૯૮૦ની સાલમાં તેમણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના અધ્યક્ષપદની ઓફર કરવામાં આવી હતી. જો કે પ્રણવ મુખરજીએ ક્યારેય બેટ પકડ્યું ન હોવાને કારણે તેમણે આ ઓફરનો અસ્વીકાર કર્યો હતો. તેમણે આ પદ માટે એનકેપી સાલ્વેના નામનું સૂચન કર્યું હતું. રાષ્ટ્રપતિ ભવનમાં એનકેપી સાલ્વે સ્મારક વ્યાખ્યાનમાં પ્રણવ મુખરજીએ આ વાત યાદ કરી હતી. તેમના કેટલાક નિકટવર્તી લોકોએ ૧૯૮૨માં બીસીસીઆઈના અધ્યક્ષપદ માટે તેમના નામની રજૂઆત કરી હતી.

તેમણે આ હોદ્દાનો અસ્વીકાર કરતાં જણાવ્યું હતું કે, મેં ક્યારેય મારા જીવનમાં બેટ પકડયું નહતું. મેં ક્રિકેટનું કેટલુંક સાહિત્ય વાંચ્યું હતું અને કેટલીક મેચો જોઈ હતી. પરંતુ તેના નીતિ નિયમો અંગે મને ઊંડાણ પૂર્વક કોઈ જ્ઞાન જ નહોતું જેને કારણે આ પદ માટે મેં મારા મિત્ર અને કોંગ્રેસના સાથી નેતા સાલ્વેના નામનું સૂચન કર્યું હતું. તેમના આ સૂચનનો સ્વીકાર કરી લેવાયો હતો. સાલ્વે ૧૯૮૨થી ૧૯૮૫ સુધી બીસીસીઆઈના અધ્યક્ષ રહ્યા હતા.

આ સમય ગાળા દરમિયાન ૧૯૮૩માં ભારતે પ્રથમ વિશ્વકપ જીત્યો હતો. ૧૯૮૭માં વિશ્વકપ ભારત અને પાકિસ્તાનમાં કરાવવા તેમણે મહત્વની ભૂમિકા નિભાવી હતી.

બંને દેશોએ એ વર્ષે સંયુક્ત રીતે વિશ્વકપ ક્રિકેટની મિજબાની કરી હતી. ક્રિકેટ તરફના આકર્ષણ અને વહીવટકર્તા તરીકે તેમણે આ રમતમાં સારામાં સારું યોગદાન આપ્યું હતું. સાલ્વે ૨૦૦૨ સુધી બે વાર લોકસભા માટે અને ચાર વાર રાજ્યસભા માટે ચૂંટાયા હતા.